# પથ્થરને પારસ કરનારા

પથ્થરને પારસ કરનારા, કથીરને કાંચન કરનારા

પતિતને પાવન કરનારા, પ્યારા પારસના ...થ

પથ્થરને પારસ કરનારા, કથીરને કાંચન કરનારા

પતિતને પાવન કરનારા, પ્યારા પારસના ...થ

જીવનની જ્યોતિ ધરનારા, અંતરનું તિમિર હરનારા

પ્યારા પારસના ...થ

પથ્થર જેવો પામર પ્રાણી, નહી ઘડતર કે ઘાટ (૨)

અંધારે અંધારે ભટકું, ના મળતી કોઈ વાટ (૨)

ઘટ ઘટનાં જીવતર ઘડનારા, આંતરશત્રુને હણનારા

પ્યારા પારસના ...થ

ધુણી ધખાવી, આગ લગાવી, બેઠો કમઠ જોગી (૨)

ભડભડતી ઓલ્યા જોગીની આગમાં નાગને બળતો દીઠો

મૂંગા રે જીવને મૃત્યુટાણે, મંત્ર સુણાવ્યો મીઠો

ભડભડતી ઓલ્યા જોગીની આગમાં નાગને બળતો દીઠો

મૂંગા રે જીવને મૃત્યુટાણે, મંત્ર સુણાવ્યો મીઠો

ઝેર હળાહળ ઝિરવનારા, નયણેથી અમૃત વરસાવનારા

પ્યારા પારસના ...થ

હું છું અનાથ, મારે થાવું સનાથ

મને દેજો રે સાથ, ઓ ત્રિભુવનનાં ના ...થ

ભવાટવીમાં ભૂલો પડ્યો છું, ઝાલજે મારો હાથ

ભૂલ્યાને મારગ દેખાડનારા, ડૂબેલાને ઉગારનારા

પ્યારા પારસના ...થ

પથ્થરને પારસ કરનારા, કથીરને કાંચન કરનારા

પતિતને પાવન કરનારા, પ્યારા પારસના ...થ

પ્યારા પારસના ...થ

પ્યારા પારસના ...થ

03-16-2016 -